

# પરિષદ-પાથેય

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

છેતાલીસમું અધિવેશન બધી રીતે અપૂર્વ રહ્યું. સવિશેષ યુવાનોની સક્રિય ઉપસ્થિતિએ એક મોટી આશા જન્માવી છે. દરેક વક્તાઓના અભ્યાસપૂર્ણ વક્તવ્યોએ અધિવેશનને સાચા અર્થમાં પરિષદ બનાવી હતી. જ્યારે યુવાનોને પૂછવામાં આવ્યું કે તમને કઈ બેઠક સૌથી વધુ ગમી ? ત્યારે મોટાભાગના યુવાનમિત્રોએ ભાષાકીય કટોકટી અને વિવેચનની બેઠક વધુ રસપ્રદ લાગી એમ જણાવ્યું હતું. જોકે દરેક 'ડેલિગેટ્સ'ને બધીય બેઠકો, રાત્રિબેઠકો સહિત ઉત્તમ લાગી. બધાએ સંતોષ સાથે રાજીપો વ્યક્ત કર્યો.

સામાન્ય રીતે અધિવેશનમાં સમગ્ર પ્રજાને ખુલ્લું આમંત્રણ હોય છે. વ્યક્તિગત નિમંત્રણો પાઠવવાની પ્રણાલી નથી. એકમાત્ર પરિષદપ્રમુખ સિવાય તમામ ૩૦૦/- રૂપિયા ડેલિગેટ ફી ભરીને આવે છે. એક વાત નોંધવી પડે છે કે સામાન્ય રીતે સાહિત્યકારો, બૌદ્ધિકો મંચ પર કર્તૃત્વ હોય તો જ ઉપસ્થિત રહે છે. બદલાતા વાતાવરણમાં સેંકડો યુવાનોની તરસ છિપાવવાની તક કેમ બધા સર્જકો જતી કરતા હશે, એ એક કોયડો છે. ભાષા અને સાહિત્ય પરત્વે દરેકે નિસબત દર્શાવવાનું દાયિત્વ દાખવવું પડશે, એવું સહજ લાગે છે. યુવાનોની ભાગીદારી, અધિવેશનની નવી મૂડી છે.

હમણાં પરિષદના એક કાર્યક્રમ 'નાટ્યપરિક્રમા'માં આપણા શ્રી મધુ રાય પધારેલા. પોતાની વાત રજૂ કરતાં પહેલાં તેમણે બે 'બળાપા' ઠાલવ્યા. એક, એમને એવું લાગે છે જાણે પ્રજામાં સાહિત્યકારો પરત્વે જેવી હોવી જોઈએ તેવી 'દાઝ' દેખાતી નથી. બે, આજકાલ ગુજરાતી કુટુંબોમાં અંગ્રેજી શબ્દોનો કઢંગી રીતે, ગુજરાતી શબ્દો જોડે જોડીને ઉપયોગ થાય છે. જાણે ગુજરાતી પ્રજા સારું, શુદ્ધ, પ્રવાહિત ગદ્ય જ ભૂલી ગઈ ન હોય ! મધુ રાયનો બળાપો આપણા સૌની ચિંતા બનવી જોઈએ. હવે આપણે સાહિત્યસત્રો, વિમર્શો અને જ્ઞાનસત્રોમાં આ વાતની પણ નિસબત દર્શાવવી પડશે.

આ બધામાં એક બીજો રાજીપો થાય એવી ઘટના પણ છે. હમણાં 'ફાર્બસ' ત્રૈમાસિકના બે અંકો વાંચ્યા. (પુસ્તક-૭૫, અંક-૪, પૃ. ૭૬, અંક-૧) જીવ ઠરે એવા અંકો છે. સિતાંશુભાઈનું સંપાદકીય અને અંદરની સામગ્રી એક ઉચ્ચ પ્રકારની સાહિત્યિક કક્ષા દર્શાવનારાં છે. વધુ ને વધુ સાહિત્યરસિકો, સાહિત્યકારો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકો આ અંકોનું પરિશીલન કરે એવી સહજ વિનંતી કરવાનું મન થાય છે. 'ફાર્બસ' ત્રૈમાસિક આપણી અનેરી મૂડી છે. સૌ કોઈએ એને યથાશક્તિ મદદરૂપ થવું જોઈએ.

હવે શ્રી ભોળાભાઈ પટેલ આપણા પ્રમુખ છે. આવનારા સમયમાં એમની વિદ્વત્તા અને એમની વિશિષ્ટ સાહિત્યિક દૃષ્ટિ પરિષદના આગામી કાર્યક્રમોને વધુ ઊંડાણભર્યા તથા ઉચ્ચ ગુણવત્તાભર્યાં બનાવશે. એમને અભિનંદન સાથે વંદન.

– અસ્તુ.

**– રાજેન્દ્ર પટેલ**

S

## પરિષદના આગામી કાર્યક્રમો

## (સ્થળ : ગુજરાતી સાહિત્ય પરિષદ)

r **પાક્ષિકી :** સંયોજક : દીવાન ઠાકોર

તા. ૧૯-૧-૨૦૧૨. ગુરુવાર, સાંજે ૬.૦૦ કલાકે, છાયા ત્રિવેદીનું વાર્તાપઠન.

તા. ૨-૨-૨૦૧૨. ગુરુવાર, સાંજે ૬.૦૦ કલાકે, રાજુલ આઝાદનું વાર્તાપઠન

r **સર્જક સાથે સંવાદ :** સંયોજક : ધ્વનિલ પારેખ, ભરત સાધુ

તા. ૨૧-૧-૨૦૧૨, શનિવાર, સાંજે ૬.૦૦ કલાકે, નવોદિત લેખકોની અપ્રકાશિત કૃતિઓનું પઠન અને ચર્ચા

તા. ૧૮-૨-૨૦૧૨, શનિવાર, સાંજે ૬.૦૦ કલાકે, નવોદિત લેખકોની અપ્રકાશિત કૃતિઓનું પઠન અને ચર્ચા

r **દલિત સાહિત્યવિમર્શ :** સંયોજક : ચંદુ મહેરિયા

તા. ૨૨-૧-૨૦૧૨. રવિવાર, સાંજે ૫.૦૦ કલાકે, ડૉ. જી. કે. વણકરની અધ્યક્ષતામાં ‘દલિત કવિસંમેલન’ (સંચા. હરીશ મંગલમ્.) કવિઓ – અનિલ. ચાવડા, અશોક ચાવડા, ચંદ્રેશ મકવાણા, ઉમેશ સોલંકી, મેહુલ મકવાણા, ગિરીશ પરમાર.

તા. ૧૯-૨-૨૦૧૨, રવિવાર, સાંજે ૫.૦૦ કલાકે, ઇલા નાયકની અધ્યક્ષતામાં ‘ઉમાશંકર જોશીની વિચારયાત્રા’ વિશે શ્રી ગૌરાંગ જાની તથા શ્રી રાજેન્દ્ર પટેલ વક્તવ્ય આપશે.

r **એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ :** સંયોજક : પ્રજ્ઞા પટેલ, પારુલ દેસાઈ

તા. ૨-૧-૨૦૧૨, સોમવાર, બપોરે ૪.૦૦ કલાકે, અપ્રકાશિત કૃતિઓનું પઠન.

તા. ૬-૨-૨૦૧૨, સોમવાર, બપોરે ૪.૦૦ કલાકે, અપ્રકાશિત કૃતિઓનું પઠન.

r **ગ્રંથ સાથે ગોઠડી :** સંયોજક : હરીશ ખત્રી, ઇતુભાઈ કુરકુટિયા

તા. ૩-૨-૨૦૧૨ સાંજે ૬.૦૦ કલાકે, નાટ્યવિદ શ્રી જનક દવે કવિ ભાસકૃત અને રા. વિ. પાઠક અનૂદિત નાટક ‘કર્ણભારમ્’નું પઠન અને આસ્વાદ કરાવશે.

r **અનુવાદ-અભિમુખતા :** સંયોજક : રૂપા શેઠ, વિભા ત્રિવેદી

તા. ૧૦-૧-૨૦૧૨, મંગળવાર, સાંજે ૬.૦૦ કલાકે, ઉત્તમ અનુવાદોનું પઠન અને ચર્ચા.

તા. ૧૪-૨-૨૦૧૨, મંગળવાર, સાંજે ૬.૦૦ કલાકે, ઉત્તમ અનુવાદોનું પઠન અને ચર્ચા.

r **રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા**

તા. ૧૧-૨-૨૦૧૨, શનિવાર, સાંજે ૬.૦૦ કલાકે, શ્રી સુનીલ કોઠારી ‘ભારતીય નૃત્યોના પુરોધાન : ઉદયશંકર’ વિષય પર વ્યાખ્યાન આપશે.

- **ગુજરાતીમાં વિવેચનવિચાર**

  તા. ૧૧/૧૨-૨-૨૦૧૨, સવારે ૯.૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ સંચા. ક. લા. સ્વાધ્યાયમંદિર અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ‘ગુજરાતીમાં વિવેચનવિચાર’ વિષય પર બે દિવસનો રાષ્ટ્રીય પરિસંવાદ. આ પરિસંવાદમાં ગુજરાતી સાહિત્યના મહત્ત્વના વિવેચકોના વિવેચનકાર્ય વિશે વિવિધ વિદ્વાનો દ્વારા વક્તવ્યો અપાશે. જેમાં સુધારકયુગનો વિવેચનવિચાર તેમજ નરસિંહરાવ દિવેટિયા, બ. ક. ઠાકોર, રા. વિ. પાઠક, સુન્દરમ્, ઉમાશંકર જોશી, સુરેશ જોષી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, પ્રમોદકુમાર પટેલ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, સુમન શાહ, શિરીષ પંચાલનાં વિવેચનકાર્યનો સમાવેશ થયો.

- **વિશ્વકવિતા કેન્દ્ર**

  તા. ૪/૧૧/૧૮/૨૫-૧-૨૦૧૨, બુધવાર, સાંજે ૭.૦૦ કલાકે, બુધસભા

  તા. ૧/૮/૧૫/૨૨/૨૯-૨-૨૦૧૨, બુધવાર, સાંજે ૭.૦૦ કલાકે, બુધસભા

- **ફ્રાનાટીકા :** સંયોજક : ચિંતન પંડ્યા

  તા. ૯-૧-૨૦૧૨થી દર સોમવાર અને ગુરુવાર થિયેટરનો રેગ્યુલર વર્કશોપ

  તા. ૩/૪/૫-૨-૨૦૧૨. ફ્રાનાટીમ થિયેટર ડૉક્યુમેન્ટરી ફિલ્મ ફેસ્ટીવલ (ફ્રાન્સ, જર્મની, યુ.કે., ઇટાલી, સ્વિત્ઝરલેન્ડ, ભારતની ડૉક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવશે.)

- **આલિયોંસ ફ્રોંસેઝ દ’ અમદાવાદ :** સંયોજક : ચિંતન પંડ્યા

  તા. ૭-૧-૨૦૧૨, સાંજે ૭.૦૦ કલાકે, લોરોં આશારની ફિલ્મ ‘લ દેરનિએ દે કુ’ રજૂ કરવામાં આવશે.

  તા. ૧૯/૨૨-૧-૨૦૧૨, સાંજે ૭.૩૦ કલાકે, ‘લે લ્યુતાં દ કુર-મેથ્રાજ’ ફિલ્મની રજૂઆત.

  તા. ૨૭-૧-૨૦૧૨, સાંજે ૭.૦૦ કલાકે, ફ્રાન્સ અને ગુજરાતના સાહિત્યિક સંબંધો – ‘What I learnt from Baudelaire’ અંતર્ગત નિરંજન ભગત સાથે મુલાકાત (અંગ્રેજીમાં.)

  તા. ૧૮-૨-૨૦૧૨, સાંજે ૭.૦૦ કલાકે, બનુઆ જાકોની ફિલ્મ ‘આ તુ દ સ્વિત’ની રજૂઆત.

  તા. ૨૫-૨-૨૦૧૨, સાંજે ૭.૦૦ કલાકે, ફ્રાન્સ અને ગુજરાતના સાહિત્યિક સંબંધો – ‘સિરાનોથી શુકદાન’ અંતર્ગત ચિનુ મોદી સાથે મુલાકાત (ગુજરાતીમાં.)

# ગુજરાતી સાહિત્ય પરિષદ

## પ્રકાશન શ્રેણી માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| (૧) | દેવેન્દ્ર પીર | યુએસએ | ૧,૦૦,૦૦૦/- |

## સાદું દાન

| | | | |
|---|---|---|---|
| (૧) | અરવિંદકુમાર એમ. પંડ્યા | હિમ્મતનગર | ૨૦૧/- |

## રવીન્દ્ર ભવનમાં મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| (૧) | બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ મંડળ | પાલનપુર | ૧૦૦૦/- |

s હરિશ્ચંદ્ર જોશી દ્વારા પ્રશિષ્ટ બંગાળી ફિલ્મોનો ૫૧ સીડીનો સેટ ગુજરાતી સાહિત્ય